

**ચોમાસામાં પણ સાબરમતી નદી સુકી ભઠ્ઠ છે જેનો લાભ ભૂમાફિયાઓ લઈ રહ્યા છે. નદીના પટમાંથી દિવસ-રાત રેત ખનન ચાલી રહ્યુ છે. ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે કરવામાં આવતા રેત ખનન તરફ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.**

## ખૂણેખાંચરેથી

- પેથાપુર ખાતે આગામી ૩૦મીથી આધાર નોંધણી કેન્દ્ર આરંભ કરવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લામાં આજે પણ રોજના ૧૬૦૦ લોકોના કોરોના અંગે ટેસ્ટ કરવામાં આવે છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં એક હજાર અને શહેરમાં ૬૦૦ લોકોના ટેસ્ટ કરવામાં આવે છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે દિવસ દરમ્યાન હળવા વરસાદના ઝાપટા પડ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં શ્રાવણના આગમન પૂર્વે જ નવી-નવી ફરાળી વાનગીઓ બજારમાં ધીમી ગતિએ આવવાની શરૂ થઈ છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વેપારી સેલની રચના જાહેર કરવામાં આવી છે.
- ગાંધીનગર દૂરદર્શન કેન્દ્રનું રિલે ૩૧-૮-૨૦૨૧ થી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં વરસાદી માહોલના પગલે ગંદકીનું સામ્રાજ્ય વધી જવા પામ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧લી ઓગષ્ટ સુધી મહત્તમ તાપમાન ૨૯-૩૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.
- ઓગષ્ટ માસમાં ધો. ૬ થી ૮ માં યોજાનાર સામાજિક વિજ્ઞાનની કસોટી હાલ પુરતી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે અન્ય વિષયોની ધો. ૬ થી ૮ ની તમામ કસોટીઓનું સમય-પત્રક યથાવત રહેશે તેમ પણ જણાવવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરના જાણીતા ઉદ્યોગપતિ એન.પી. પટેલે આજે તેમના જન્મ દિવસની ઉજવણી દરમ્યાન ૧,૧૧,૧૧૧ વૃક્ષોની વાવણી કરવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. જેના ભાગરૂપે આજે સે. ૧ માં અને તેમના અન્ય બે સ્થાનો પર ૧૧૦૦થી વધુ વૃક્ષોની વાવણી કરી હતી.
- આગામી ૧લી ઓગષ્ટથી ૯મી ઓગષ્ટ સુધી સરકારના પાંચ વર્ષના સુશાસન પર્વની ઉજવણીને લઈ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, રાજ્ય મંત્રી વિભાવરીબેન દવેએ સાંજે ૬ થી ૭ દરમ્યાન જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કાર્યક્રમોના આયોજનની સમીક્ષા કરી હતી.
- શ્રમ અને રોજગાર વિભાગના આલોક પાન્ડેએ પણ આજે સાંજે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.

## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




**ઓલમ્પીકમાં આપણને મેડલ મળી રહ્યો.. આમા ખાલી ભાલા ફેંકવાની જ કોમ્પીટીશન છે...!!**

# ટીબીના રોગની તમામ માહિતી ''ટીબી આરોગ્ય સાથી'' એપ્લિકેશનમાં ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૨૯
ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ-૨૦૨૫ સુધીમાં દેશમાંથી ટીબીને નાબુદ કરવાનું આહ્વાન કર્યું છે. જેને પગલે રાજય સરકાર દ્વારા ટીબી આરોગ્ય સાથી એપ્લિકેશન શરુ કરવામાં આવી છે. આ એપ્લિકેશનનો સમગ્ર સમાજના નાગરીક અને ટીબીના દર્દીઓ પોતાના એન્ડ્રોઈડ મોબાઈલમાંથી પ્લે સ્ટોરમાં જઈને ડાઉનલોડ કરીને એપ્લિકેશનમાં ઉપલબ્ધ તમામ સુવિધાનો લાભ લઈ શકશે. ટીબી આરોગ્ય સાથી એપ દ્વારા ટીબી વિભાગ દ્વારા જાહેર કરેલી ટીવીના દર્દીઓની નોંધણી ક્ષય વેબ સાઈટ સાથે પણ સાંકળવામાં આવેલ છે. જેથી એપ્લિકેશનની મદદથી ટીબીના દર્દી પોતાને રાજય સરકાર દ્વારા નિયમિત સારવાર લે અને સમયગાળા મુજબ દર માસે રૂ.૫૦૦ મળતી ક્ષય પોષણ યોજના કેટલી મળી છે. તેમજ દર્દીની સારવારનો સમયગાળો કેટલો છે અને સારવાર અંગેની માહિતી જોઈ શકાશે. આ ઉપરાંત એપ્લિકેશન ટીબીના દર્દી સિવાયના નાગરીકો પણ પોતાના એન્ડ્રોઈડ મોબાઈલ ફોનમાં એપ ઈન્સ્ટ્રોલ કરી શકશે. જેમાં તેઓ ટીબીના રોગની માહિતી, ટીબીના લક્ષણો, દવાની આડ અસરની માહિતી, તે ઉપરાંત બીએમઆઈ( બોડી માસ ઈન્ડેક્ષ)ની માપણી પણ કરી શકાશે. ટીબી આરોગ્ય એપ્લિકેશન સમાજમાં રહેલી ટીબીના રોગ વિશેની ગેર સમજો, અંધશ્રધ્ધા, કલંક, ટીબીના દર્દી સાથે થતા ભેદભાવ દુર કરવામાં ખુબ મદદરૂપ બનશે. રાજયના ડો.એસ.કે.મકવાણા, સંયુકત નિયામક (ટીબી), આરોગ્ય તબિબિ સેવાઓ અને તબિબિ શિક્ષણ (આરોગ્ય વિભાગ ગાંધીનગર)ના માર્ગદર્શન હેઠળ આ એપલિકેશનની શરુઆત કરાઈ છે. રાજયના તમામ નાગરીકો તેમજ ટીબીના દર્દીઓ આ એપલીકેશનનો વધુ ને વધુ લાભ લે તે માટે અપીલ કરાઈ છે. ગાંધીનગર રૂરલ જિલ્લા ક્ષય અધિકારી ડો.દિપક પટેલ, શહેરી વિસ્તારના ક્ષય અધિકારી ડો.હરેશ પટેલ એ જણાવ્યું હતું કે આ ટેકનોલોજીની મદદથી આપણે ટીબીના રોગ વિશેની માહિતી આપણ ગાંધીનગરના જિલ્લાના સામાન્ય વ્યકિત અને ટીબીના દર્દીઓ સુધી સરળતાથી પહોંચાડી શકીશુ. અને ટીબી હારેગા અને દેશ જીતેગા સુત્રને સાર્થક કરી શકીશું. જયારે ટીબી આરોગ્ય સાથી એપ્લિકેશન ગુજરાતી, હીન્દી, અંગ્રેજી, ભાષા સાથે સાત ભાષામાં માહિતી ઉપલબ્ધ છે. તેથી તમામ માહિતી સરળતાથી કોઈ પણ વ્યકિત ને સમજ આવી શકે તેમ છે. જેથી વધુને વધુ નાગરીકો ટીબીના દર્દીઓ આ ટીબી આરોગ્ય સાથી એપ્લિકેશનનો ઉપયોગ કરે તેવી અપીલ કરવામાં આવી છે.

## ચોરીના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ મથકના ચોરીના બે ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા આરોપીને એસઓજી પોલીસે બાતમીને પગલે સરગાસણ ચોકડીથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એસ.રાણા અને એલ.એચ.મસાણી સહિત ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે પીએસઆઈ એલ.એચ.મસાણીને ખાનગી રાહે બાતમી મળી હતી કે ડભોડા પોલીસ મથકના ચોરીના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતો ફરતો શખ્સ કે જેણે ગુનો આચરેલ તે સમયે સગીર વયનો હતો. તે શખ્સ સરગાસણ ચાર રસ્તા પાસે ઉભો છે. તે શખ્સને સરગાસણ પાસેથી પોલીસે પકડી પાડી ડભોડા પોલીસને આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવેલ છે.

# પુન્દ્રાસણથી વરલી-મટકાનો જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯
ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામે પ્રાથમિક શાળાની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં વરલી-મટકાનો જુગાર રમાડતા બે શખ્સોને વરલીના સાહિત્ય સહિત રોકડ રૂ.૧૧,૨૮૦ કબ્જે કરી એલસીબી-૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જી. એનુરકાર ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા તે સમયે વિક્રમભાઈ જયરામભાઈને બાતમી મળી હતી કે પુન્દ્રાસણ ગામે રહેતા દશરથજી બાલાજી ઠાકોર અને તેના મળતીયા વ્યકિત સાથે વરલી મટકાનો જુગાર રમાડે છે. જેથી એલસીબીની ટીમે તાત્કાલીક બાતમીને પગલે પ્રાથમિક શાળાની બાજુમાં લિમડાના ઝાડ નીચે વરલી મટકાનો જુગાર રમતા અને રમાડતા દશરથજી બાલાજી ઠાકોર (રહે. અણદાજીનો વાસ પુન્દ્રાસણ), તેમજ બાબુજી ગોબરજી ઠાકોર (ઉં.પપ, ટીંબા વાસ મોટી આદરજ ગામ )ને પકડી પાડયા હતા.આ શખ્સો પાસેથી વરલીનું સાહિત્ય તેમજ રોકડ રૂ.૧૧,૨૮૦ મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

# સુશાસનના પાંચ વર્ષની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨૯
રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દીધર્દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં અનેક જન ઉપયોગી યોજનાઓનો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લા સહિત રાજય નાગરિકોને આ યોજનાઓનો લાભ થયો છે. રાજયને મુખ્યમંત્રી રૂપાણીનું નેતૃત્વ મળ્યે આગામી ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થશે, તેના નિમિત્તે ''પાંચ વર્ષ આપણી સરકારના-સૌના સાથ, સૌના વિકાસના અંતર્ગત રાજયભરમાં વિવિધ કાર્યક્રમો થકી રાજયની અવિરત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સૌના સાથ, સૌના વિકાસ થકી જનભાગીદારી દ્વારા લોકોને જોડીને સુશાસનના પાંચ વર્ષ નિમિત્તે વિવિધ લોકોપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના પાંચ વર્ષની જન ભાગીદારીથી જન ઉપયોગી કાર્યો- સેવાઓને વધુ સઘન બનાવાશે અને વિવિધ ફલેગ શીપ યોજનાઓનો વ્યાપ પણ વધારાશે. એટલુ જ નહી. ગાંધીનગર જિલ્લામાં પણ આ અંગેનું આયોજન કરવામાં આવ્યું છે.

''પાંચ વર્ષ આપણી સરકારના-સૌના સાથ, સૌના વિકાસના અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમોની વિગતો આપતાં આજરોજ યોજાયેલ બેઠકમાં જિલ્લા કલેકટર ર્ડા. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે આગામી તા.૧લી ઓગસ્ટના દિનને ''જ્ઞાનશક્તિ દિવસ'' તરીકે ઉજવણી કરવામાં આવશે. આ દિને શિક્ષણને લગતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રને વધુ શ્રેષ્ઠ બનાવવાની દિશામાં પ્રયત્નો કરાશે. તા. ૨ ઓગસ્ટના દિનને ''સંવેદના દિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લાના નાગરિકોને વિવિધ સરકારની ફેલગશીપ યોજનાઓનો લાભ તેમને મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩ ઓગસ્ટને અન્નોત્સવ દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી રાજયમાં યોજનાર વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનશે. તા.૪થી ઓગસ્ટના દિનને ''નારી ગૌરવ દિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે જિલ્લાની મહિલાઓના સન્માન તથા ઉત્કર્ષના હેતુસર મહિલાઓ સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ''નારી ગૌરવ દિવસ'' નિમિત્તે મહિલાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાશે. તા.૫ મી ઓગસ્ટના દિનને ''કિસાન સન્માન દિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે સમગ્ર જિલ્લામાં નક્કી થયેલા સ્થળો ખાતે કિસાન સૂર્યોદય યોજના અને સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જિલ્લાના યુવાનોને રોજગારી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે રોજગાર મેળાઓ સહિતના વિવિધ કાર્યક્રમો થકી તા. ૬ ઓગસ્ટે ''રોજગાર દિવસ''ના અંતર્ગત રોજગારીની તકો અંગેના કાર્યક્રમો યોજાશે. તા. ૭મી ઓગસ્ટે ''વિકાસ દિવસ'' અંતર્ગત જિલ્લામાં ચાલી રહેલી અવિરત વિકાસની પ્રક્રિયાને વધુ તીવ્ર ગતિથી આગળ લઈ જવાશે. ૮મી ઓગસ્ટે ''શહેરી જન સુખાકારી દિન'' અંતર્ગત શહેરી જન સુખાકારીની વ્યવસ્થા વધુ સઘન બનાવા માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૯મી ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવશે.

# પેથાપુર વિરાજ એપાર્ટમેન્ટના સહમંત્રીના ઘરમાં ચોરી

ગાંધીનગર,તા.૨૯
ગાંધીનગર પેથાપુર સ્થિત વિરાજ એપાર્ટમેન્ટના સહમંત્રીના બંધ રહેણાંક મકાનમાં તસ્કરોએ ત્રાટકીને તિજોરીમાંથી રોકડા રૂ.૭૦ હજાર લઈ રફુચકકર થઈ ગયા હતા. ત્યારે એપાર્ટમેન્ટના રહીશો પાસેથી ઉઘરાવેલા મેઈન્ટેનન્સના રૂપીયાની ચોરી થતા સહમંત્રીએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જયારે વિરાજ એપાર્ટમેન્ટના તાળા તુટતા સ્થાનિક નાગરીકોમાં પણ ભય ફેલાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર વિરાજ એપાર્ટમેન્ટ ઘર નં. એ-૧૦૪ ખાતે રહેતા કમલેશભાઈ મહેતા નિવૃત જીવન જીવી રહ્યા છે. કમલેશભાઈના ધર્મપત્નિનું મૃત્યુ પામ્યા છે. જયારે દિકરો શ્યામ સુકનમાં તેના પરિવાર સાથે રહે છે. વિરાજ એપાર્ટમેન્ટ ખાતે રહેતા કમલેશભાઈ સહમંત્રી તરીકે કાર્યરત છે. જેથી એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૧૫૦ પરિવારના મરામત ફંડ તરીકે રૂ.૭૦ ઉઘરાવીને પોતાના ઘરમાં તિજોરીમાં મુક્યા હતા. કમલેશભાઈ અમદાવાદ ખાતે રહેતા બહેનના ઘરે તબિયત સારી ન હોવાથી બે દિવસ માટે ગયા હતા. ત્યારે બંધ રહેણાંક મકાનનો દરવાજો તોડીને તસ્કરોએ અંદર પ્રવેશી ઘરમાં રહેલો સામાન વેરવિખેર કરી નાંખ્યો હતો. તિજોરીનું તાળુ તોડી સામાન અસ્ત વ્યસ્ત કરી રૂ.૭૦ હજાર લઈ નાસી ગયા હતા.બનાવ અંગે પાડોશીએ ફોન કરી જાણ કરતા કમલેશભાઈ પેથાપુર આવી પહોંચીને પોલીસને જાણ કરી હતી. જેથી પેથાપુર પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.



સ્વ નિર્ભર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેકટર-૬ સ્થિત સંત રોહીદાસ મંદિર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ જીગ્નેશભાઈ પંડયા, ઉપપ્રમુખ મિલન પંડયા, મહામંત્રી ભૂપેન્દ્રભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.

## સાદરા પાસે કલ્યાણપુર ગામે વિદ્યાપીઠ દ્વારા વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા. ૨૯
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાની નજીકના કલ્યાણપુર ગામમાં કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામેલા કુટુંબોને ત્યાં જઈ દરેક કુટુંબને પાંચ વૃક્ષો જેવા કે આંબો, ચીકુ, જાંબુ, આમળા, લીંબુના છોડનું રોપણ કરી આપ્યું હતું. જેમાં માનવ સાધના ટ્રસ્ટ અમદાવાદ દ્વારા વિનામૂલ્યે વૃક્ષોની વ્યવસ્થા કરી હતી. રમેશભાઈ પટેલ (સંકુલ સંયોજક) અને ડી. પ્રવીણભાઈ દુલેરાએ આ કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. જગદીશ પરીખ, ગોવિંદ વાઘેલા, જતીન સોલંકી સહિતના સંગીત કલાકારોએ પ્રકૃતિના ગીત ગૂંજન ગાયા હતા.

## ''વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો'' અંતર્ગત ''એક પેડ મેરા ભી'' નવતર પ્રયોગ

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રાથમિક શાળાનાં શિક્ષિકા બેન ગીતાબેન ગજ્જર દ્વારા ધોરણ-૧માં નવિન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે 'એક પેડ મેરા ભી' નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં દરેક વિદ્યાર્થીઓએ તેમના વાલીની મદદથી તેમના ઘર-આંગણામાં આંબો, લીમડો, આસોપાલવ, લીંબોળી, વગેરે છોડ વાવી પર્યાવરણ બચાવવા બાળકોએ 'એક પેડ મેરા ભી' નવતર પ્રયોગ' દ્વારા યથાયોગ્ય મહેનત કરી છે. સાથે સાથે ગીતાબેન ગજ્જર દ્વારા શેરી શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ વિશે સમજાવી આ છોડની માવજત કરી નિયમિત સાચવી ઉછેરવા જણાવ્યુ હતુ.



**ચિલોડા બાલમંદિરમાં કિશોરી દિવસની ઉજવણી અંતર્ગત ફ્રૂટ સલાડ હરીફાઈ યોજાઈ**

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા સ્થિત બાલમંદિરમાં કિશોરી દિવસની ઉજવણી અંતર્ગત ફ્રૂટસલાડ હરીફાઈ યોજાઈ હતી. જેમાં વિવિધ ફળો દ્વારા સલાડ બનાવી ભૂલકાંઓ અને વાલીઓ ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ભાજપ મહાનગર વ્યાપાર સેલની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા. ૨૯
ભાજપના ગાંધીનગર મહાનગર એકમના વ્યાપાર સેલની આજે જાહેરાત કરવામાં આવી હતી જેમાં સંયોજક પદે ભરતભાઈ પટેલ અને સહ સંયોજક પદે મહેશભાઈ ભટ્ટની આગેવાનીમાં સમાવાયેલા સભ્યોમાં જિગ્નેશભાઈ પટેલ, ભાઈલાલભાઈ પટેલ, માનસિંગભાઈ ચૌધરી, અરવિંદભાઈ સોની, હિરેનભાઈ પટેલ, વિશાલ સુખડીયા તથા સાવનભાઈ મહેતાનો સમાવેશ કરાયો છે.

# ચોરીની રીક્ષા સાથે રીઢા વાહનચોરને દબોચી લેતી એલસીબી-૨ પોલીસ

ચોરીની રીક્ષા સાથે ગણતરીના કલાકોમાં રીઢા વાહનચોરને સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાંથી પકડી પાડી વધુ એક વાહનચોરીના ગુનાનો ભેદ એલસીબી-૨ પોલીસે ઉકેલી દીધો છે. પીઆઈ એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસ આઈ એસ.પી.જાડેજા, તેમજ પી .ડી. વાઘેલા વિવિધ ટીમ બનાવી આ દિશામાં કાર્યરત હતા. તે સમયે એક શખ્સ ચોરીની રીક્ષા નં. જી.જે.૦૧. સી.વી. ૧૮૧૩ લઈને સેકટર-૨૫ જીઆઈડીસી સ્વામી વિવેકાનંદ નગર (કોલવડા નગર) તરફથી પસાર થનાર છે. જેથી પોલીસના ટીમના સભ્યો વોચમાં ગોઠવાઈ જઈને બાતમીવાળી રીક્ષા પસાર થતા તેને ઉભી રખાવી મનોજ કાળુભાઈ બચુભાઈ દંતાણી (રહે. મ. નં.૧૭૬ રમેશ દત્ત કોલોની સરદારનગર અમદાવાદ) ને પકડી પાડી તેની પુછતાછ કરતા તે શખ્સ ભાગી પડ્યો હતો અને આ રીક્ષા ગત તા.૨૬ જુલાઈના રોજ બપોરના સમયે પોતાની પાસે રહેલી ડુપ્લીકેટ ચાવીથી કેમ્બે હોટેલ નજીક પાર્કિંગમાં ઉભી રહેલી રીક્ષાની ચોરી કરી હતી. પોલીસે શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ માટે સે.૨૧ પોલીસ મથકે સોંપવામાં આવેલ છે.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ.વિભાગ, મોડાસા**
**જાહેર નિવિદા નં. ૦૮/૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ વિભાગ મોડાસા (ફો.નં.૦૨૭૭૪-૨૫૦૦૨૦) ધ્વારા આયુર્વેદિક હોસ્પિટલના રીપેરીંગ તથા બાંધકામના કામો જેની અંદાજીત રકમ રૂ ૩.૯૯ લાખ થી રૂ. ૮.૮૯ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમા નોધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૩૦/૦૭/૨૦૨૧ થી તાઃ- ૧૭/૦૮/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોકત વેબ સાઈટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૨૩૪/૨૦૨૧